# મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદી રમઝટ

**સાંજના પાંચ વાગ્યા સુધી છેલ્લા ૨૩ કલાકમાં માત્ર ૩.૫ મી.મી. વરસાદ નોંધાતા સીઝનનો વરસાદ માંડ ૭.૫ ઇંચ થયો હતો : આઠેક વાગે આકાશમાં વીજળીના ચમકારાં સાથે વરસાદ તુટી પડ્યો : શહેરના માર્ગો પાણીથી તરબતર**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં અત્યાર સુધી ઝરમર વરસી રહેલા વરસાદે એકાએક આજે મોડી સાંજે આકાશી ગાજવીજ સાથે ધોધમાર વરસવાનું શરૂ કરી દેતા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરવા પામી હતી. આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળોની ધબદાટી સાથે વીજળીના ચમકારાઓએ નાગરિકોને રોમાંચિત કરી મુક્યા હતા. આમ તો મોડી સાંજની આ વરસાદી રમઝટ પહેલા સુધી શહેરમાં કુલ વરસાદ ૭.૫ ઈંચ જટલો જ નોંધાયો હતો પરંતુ દિવસાંતે જામેલા ઝાપટાને પગલે સર્વત્ર હર્ષની હેલી રેલાતી અનુભવાઈ હતી.

રાજ્યના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની



અવિરત બેટીંગના પગલે નાગરિકો મુશ્કેલીમાં મુકાયાં છે તેવામાં હવે ઉત્તર ગુજરાત સહિતના રાજ્યના અન્ય ભાગોમાં પણ મેઘ મહેર વરસવાની શરૂ થઈ જવા પામી છે. અત્યાર સુધી ગાંધીનગર આ મેઘ મહેરથી વંચિત હતુ અને શનિવાર સાંજના ૫ વાગ્યા સુધીના વરસાદી આંકડા જોઈએ તો છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૩.૫ મી.મી. વરસાદ નોંધાતા સીઝનનો વરસાદનો આંકડો માંડ ૧૭૫ મીમી સુધી પહોંચતા આશરે ૭.૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ટીવી-અખબારોમાં રાજ્યના અન્ય ભાગોમાં વરસેલા ભારે વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરતા નાગરિકો પણ ગાંધીનગરમાં વરસાદી રમઝટ જામે તેવી અપેક્ષા સેવી રહ્યાં હતા જે આજે મોડી સાંજે

● અનુસંધાન પાન-૭ પર

## દહેગામમાં દોઢ ઈંચ તો ગાંધીનગરમાં અડધો ઈંચ વરસાદ

**માણસામાં હળવા વરસાદી ઝાપટા, ખરીફ વાવેતર હજુ પણ સ્થગિત**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આજે દહેગામ અને ગાંધીનગરમાં સારો વરસાદ નોંધાયો છે જ્યારે માણસામાં હળવા ઝાપટા થયા છે જો કે કલોલ તાલુકામાં વરસાદ થયો નથી.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં આજે સવારથી રાત્રિના ૮ વાગ્યા સુધીમાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે જ્યારે ગાંધીનગર તાલુકામાં પણ અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

માણસા તાલુકામાં સવારના ૬ થી રાત્રિના ૮ દરમ્યાન માત્ર ૨ મી.મી. વરસાદ નોંધાયો છે. આમ હળવા વરસાદને લઈ ખેડૂતો હજુ પણ ચિંતામાં છે. જિલ્લામાં થઈ રહેલા હળવા વરસાદને કારણે ખરીફ ઋતુની ખેતી લગભગ સ્થગિત થઈ જવા પામી છે. અત્યાર સુધીમાં ૬૬ હજાર હેક્ટરમાં જ વાવેતર થયુ છે.

તંત્રએ પણ વરસાદ ખેંચાતા આકસ્મિક પાક આયોજન માટે ખેડૂતોને માર્ગદર્શન આપવાનું આરંભી દીધુ છે. ઓગષ્ટ ૧૫મી સુધીમાં વરસાદ આવે તો દિવેલા અને શાકભાજીના પાક ઉપરાંત અડદ, મગના પાકોનું વાવેતર થવાની સંભાવનાઓ છે. જિલ્લામાં આજે હળવા વરસાદને પગલે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે તેમજ ઠંડકનો માહોલ જામ્યો છે. જે પાકોનું વાવેતર થયુ છે તેના માટે હળવો વરસાદ પણ અમૃત બન્યો છે.

# જિલ્લાના ૬૮ ગામોમાં પેયજળ પીવા લાયક નથી

**ચોમાસા પૂર્વે તંત્ર દ્વારા ૩૦૩ ગામોમાંથી ૫૪૦ નમૂના મેળવી ચકાસણી કરાતાં બહાર આવ્યુ તારણ : ગાંધીનગર તાલુકાના સૌથી વધુ ૨૬ ગામોના નમૂના નાપાસ થયા**

ગાંધીનગર, તા. ૩

સબ સલામતની તંત્રની પોકાર પછી ગાંધીનગર જિલ્લાના ૬૮ ગામના ૮૦ જેટલા પેયજળના નમૂના અનફીટ જાહેર થયા છે. આ ચોંકાવનારી વાત પણ સરકાર દ્વારા કરાયેલ પરીક્ષણમાં જ બહાર આવી છે.

જિલ્લામાં ચોમાસાના આરંભ પૂર્વે ૩૦૩ ગામમાંથી સ્થાનિક પેયજળના સોર્સમાંથી નમૂના મેળવી અને પાણી પુરવઠા વિભાગની લેબમાં તપાસ માટે મોકલાયા હતા. જિલ્લામાં ૫૪૦ સ્થાનો પરથી આ નમૂના એકત્ર કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં ગત વર્ષે ચોમાસુ નિષ્ફળ ગયુ હતુ એટલુ જ નહિ ભૂગર્ભજળના સ્તર જે નીચે જઈ રહ્યા છે તે ચિંતાનો વિષય બન્યો છે. આની ગંભીર નોંધ ભારત સરકારે લઈ જળશક્તિ અભિયાન યોજવાની પણ સૂચનાઓ આપી છે. જે નોંધનીય છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં નર્મદાનું પાણી પેયજળ માટે વાપરવામાં આવે તે માટે ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો હજુ પણ નર્મદાનું પાણી વાપરતા નથી અને સ્થાનિક સ્ત્રોત પર જ મદાર રાખી રહ્યા છે.

આ પેયજળની ગુણવત્તાને લઈ જે તારણો બહાર આવ્યા છે તે સૌથી વધી ચિંતાજનક એટલા માટે છે કે ગાંધીનગર તાલુકાના સૌથી વધુ ગામોના નમૂના નાપાસ થયા છે. ગાંધીનગર તાલુકામાંથી નર્મદાની કેનાલ પસાર થાય છે એટલુ જ નહિ ગાંધીનગર શહેર સહિત ગુડા વિસ્તાર જે શહેર નજીક વિકસ્યો છે તેમાં પણ નર્મદાનું પાણી અપાય છે. આમ છતાંય આ તાલુકાના પરિણામોએ તંત્રની ઊંઘ હરામ કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ૨૬, દહેગામના ૨૨, માણસાના ૧૧ અને કલોલ તાલુકાના ૯ ગામોના પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

ગાંધીનગર તાલુકામાં આ ચોમાસા દરમ્યાન પણ સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. જિલ્લાના ત્રણ તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ થઈ ચુક્યો છે જ્યારે ગાંધીનગર તાલુકામાં માત્ર ૪ ઈંચ જ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકો જે ઝડપથી વિકાસ કરી રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં પેયજળની સમસ્યા વધુ વકરશે અને ગુણવત્તા ચિંતાજનક બનશે. આ ઉપરાંત દહેગામ તાલુકાનો પણ વિસ્તાર જે અમદાવાદ નજીક ગણાય છે તેનો વિકાસ પણ થઈ રહ્યો છે ત્યારે તંત્રએ ચોક્કસ રોડમેપ તૈયાર કરી આ દિશામાં આગળ વધવુ વડશે તેજ વિકલ્પ બચ્યો છે.

જિલ્લામાં જે ગામોના નમૂના નાપાસ જાહેર થયા છે ત્યાં જળસંચય તેમજ વૉટર બજેટીંગ યોજના અમલી બનાવવા અંગેની ગંભીરતાથી વિચારણા હાથ ધરાઈ હોવાનું બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

જિલ્લામાં નર્મદાનું પાણી જ પેયજળ તરીકે વપરાશમાં લેવાય

● અનુસંધાન પાન-૭ પર



રખડતા ઢોરની સમસ્યા - શહેરમાં છેલ્લા કેટલાય વર્ષોથી ગંદકી અને દબાણની જેમ જ રખડતા ઢોરની સમસ્યા પણ નગરજનો માટે શીરદર્દ બની રહી છે... ચોમાસાના આરંભિક સમયમાં ગાંધીનગરના તમામ મુખ્ય માર્ગો પર રખડતા ઢોરના અડ્ડા જામેલા જ હોય છે... ઘાસચારામાં જીવાતને કારણે ઢોર રસ્તા પર આવી જાય એ વાત સાચી હોવા છતાં એનો ઉકેલ એટલો જ જરૂરી છે... વહીવટી તંત્રએ કડક હાથ કામ લઈ નગરજનોની સમસ્યાને ઉકેલવાની માંગ ઉભી થઈ છે...

## પ્રભારી મંત્રીના હસ્તે કલોલમાં ધ્વજવંદન થશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં રાજ્યના મહેસુલ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. ૧૫મી ઓગષ્ટ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કલોલ ખાતે યોજવાનો નિર્ણય જિલ્લાકક્ષાએ લેવાયો છે. સરકાર દ્વારા આજે મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી ધ્વજવંદન માટે કરવામાં આવી છે.

# મનપામાં બાયોલોજીસ્ટની જગ્યા રદ થઈ

**તંત્રની ઉદાસીનતા વધુ જવાબદાર ; ઘણા સમયથી આ જગ્યા ચાર્જમાં ચાલતી હતી : અર્બન મેલેરિયા શાખાના કર્મયોગીઓ મોટા ભાગે નિવૃત્ત થઈ ગયા છે, ૨૦૨૨ના મેલેરિયામુક્ત ગુજરાત અભિયાન સામે પ્રશ્નાર્થ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની બાયોલોજીસ્ટની જગ્યા તંત્રની ઉદાસીનતાને કારણે રદ થતાં શહેરમાં મેલેરિયા નાબુદી અભિયાન અંગે પ્રશ્નાર્થ ઉભા થયા છે.

બાયોલોજીસ્ટની જગ્યા છેલ્લા ઘણા સમયથી ચાર્જમાં ચાલતી હતી. આ જગ્યા પર નિયમિત નિમણુંક કરવા મનપાના તંત્રએ જે સક્રિયતા દાખવવી જોઈએ તે દાખવી નથી અને આ જગ્યા રદ થઈ જવા પામી છે.

બાયોલોજીસ્ટની જગ્યા જે ચાર્જમાં ચાલતી હતી તે કર્મયોગીએ સ્વૈચ્છીક નિવૃત્તિ લેતાં ૨૦૨૨ સુધીમાં મેલેરિયા નાબુદ કરવાના લક્ષ્યાંક પર પ્રશ્નાર્થ ઉભો થયો છે.

મનપાના તંત્રએ તેની પોતાની રીતે બે બાયોલોજીસ્ટની જગ્યા ઉભી કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. ગાંધીનગર શહેરી મેલેરિયા તંત્રના ઘણા બધા કર્મચારીઓ પણ વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ જવા પામ્યા છે. આ ઉપરાંત દર વર્ષે મેલેરિયાની કામગીરી માટે ખાસ સમયગાળા માટે ખાસ મંજૂરી મેળવી માણસો રાખવામાં આવતા હતા. આ બધુ જ અટવાઈ જવા પામ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આમ તો પહેલાં આરોગ્ય સેવાઓ સરકાર હસ્તક હતી. સેક્ટરોના દવાખાના ધીમી ગતિએ બંધ થઈ ગયા તો આ સેક્ટરોના દવાખાનાઓને પી.એચ.સી.નો

● અનુસંધાન પાન-૭ પર

## મનપા દ્વારા એન્ટી લારવેલ કામગીરી

ગાંધીનગર શહેરમાં છુટા છવાયા મળી રહેલા વાહકજન્ય રોગના દર્દીઓને પગલે હરકતમાં આવેલ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા આજે એન્ટી લારવેલની કામગીરી હાથ ધરાઈ હતી.

શહેરના આરોગ્ય અધિકારી ડૉ. કે. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે શહેરમાં આવેલા નવ હજાર જેટલા ખાડા-ખાબોચિયામાંથી ૫ હજારથી વધુ ખાબોચિયાઓમાં આજે ઓઈલનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧ હજાર જેટલા ટાંકા અને ગટરની આસપાસ જ્યાં પાણી ભરાઈ રહે છે ત્યાં પણ ઓઈલનો છંટકાવ કરવામાં આવ્યો છે. ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે શહેરમાં છુટા-છવાયા કેસો મેલેરિયાના મળ્યા છે પણ તંત્ર સતર્ક છે અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે. શહેરમાં વરસાદી પાણીનો ઝડપી નિકાલ થઈ જાય તે જોવામાં આવશે. આ ઉપરાંત મચ્છરોની ઉત્પત્તિ જ અટકાવવામાં આવશે. તેમણે કહ્યું હતુ કે તંત્રએ આ માટે જરૂરી તમામ પગલાંઓ સ્વચ્છતા અંગે લેવા માટે બધાને લેખિતમાં જાણ કરી છે.

# પનઘટ કલા કેન્દ્ર દ્વારા ચાર સંગીતકારોને 'નગર રત્ન' સન્માન એનાયત કરાયા








**શ્રી પિનાકીન વ્યાસ, બિરેન પુરોહિત, ભિખુદાન ગઢવી અને બલવંત સિંધાને પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે 'નગર રત્ન' એવોર્ડ અર્પણ કર્યા : મોડી રાત સુધી કલા રસિક નગરજનોએ વૈવિધ્યસભર પ્રસ્તુતિ માણી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા - પનઘટ કલા કેન્દ્ર દ્વારા ગાંધીનગરના સંગીતક્ષેત્રના ચાર સિદ્ધબદ્ધ કલાકારો શ્રી પિનાકીનભાઈ વ્યાસ (શાસ્ત્રીય સંગીત), શ્રી બિરેન પુરોહિત (સુગમ સંગીત), શ્રી ભિખુદાનભાઈ ગઢવી (લોકસંગીત) અને શ્રી બલવંત સિંધા (તબલા વાદન)ને 'નગર રત્ન' સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. આ કલાકારોની સાધના, સંગીત ક્ષેત્રના યોગદાન અને આવનારી પેઢીમાં સંગીત સિંચનની તેમની પ્રવૃત્તિઓ બદલ તેમને 'નગર રત્ન' થી સન્માનિત કરાયા હતા. ગુજરાતના જાણીતા લોકકલાવિદ્ પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવના વરદ્ હસ્તે આ કલાકારોને 'નગર રત્ન' ખિતાબ અર્પણ કરાયા હતા.

પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે 'નગર રત્ન' સન્માન અર્પણ કરતાં જણાવ્યું હતું કે, કલાકારોનું ઘર આંગણે સન્માન થાય એ જ સૌથી મોટું અને યોગ્ય સન્માન છે. આવી પાયાની પ્રવૃત્તિ કરવા બદલ તેમણે પનઘટ કલા કેન્દ્રના અધ્યક્ષ શ્રી ભાવિન પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ આ પ્રસંગે બોલતાં કહ્યું હતું કે, કોઈ પણ નગરની સાચી ઓળખ તેના કલાકારો અને સાહિત્યકારો દ્વારા થવી જોઈએ. જેમ જયશંકર સુંદરીનું વિસનગર, કવિશ્રી ઉમાશંકર જોષીનું ઈડર એમ ગાંધીનગર શ્રી પિનાકીન વ્યાસ, શ્રી બિરેન પુરોહિત, શ્રી ભિખુદાન ગઢવી અને શ્રી બલવંત સિંધા જેવા કલાકારોના નગર તરીકે ઓળખાવું જોઈએ. તેમણે નગરના સહુ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા (જીગા બાપુ), ગુજરાતના જાણીતા ગાયક-ગીતકાર-સંગીતકાર શ્રી નયનેશ જાની અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્યસચિવ શ્રી જયોતિષ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com